પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 21-02-2026 MIDDAY: 1.20 TO 1.30

Day : SATURDAY National News

**************************************************

- નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા વચ્ચે દ્વિપક્ષીય બેઠક
- પ્રધાનમંત્રી આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઉત્તરપ્રદેશમાં યમુના એક્સપ્રેસવે ઔદ્યોગિક વિકાસ સત્તામંડળમાં HCL-ફોક્સકોન સંયુક્ત સાહસ પ્રોજેક્ટના શિલાન્યાસ સમારોહમાં ભાગ લેશે.
- આસામમાં CRPFના 87-મા સ્થાપના દિવસ નિમિત્તે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, જમ્મુ-કાશ્મીર, વામપંથી ઉગ્રવાદ માઓવાદી ક્ષેત્ર અને ઉત્તર-પૂર્વમાં શાંતિ સ્થાપવામાં સફળતા મળી.
- જમ્મુ-કાશ્મીરમાં સેનાએ રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા પાસે સુંદરબની વિસ્તારમાંથી વિસ્ફોટક સામગ્રી કબજે કરી
- મહિલા ક્રિકેટમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની T20 શ્રેણીની અંતિમ મેચ આજે ઓસ્ટ્રેલિયાના એડિલેડ ઓવલ ખાતે રમાશે

…………………………………………………….

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

PM BRAZIL BILATERAL

નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લુઇ ઇનાસિયો લૂલા દા સિલ્વા વચ્ચે આજે દ્વિપક્ષીય બેઠક યોજાઈ. બંનેએ દ્વિપક્ષીય સંબંધના તમામ પાસાઓની સમીક્ષા કરી. બંને નેતાએ બહુપક્ષીય મંચમાં સહયોગ, વૈશ્વિક શાસન અને વૈશ્વિક દક્ષિણ સાથે સંબંધિત મુદ્દાઓ સહિત પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ વિચારવિમર્શ કર્યો.

અમારા સંવાદદાતાએ જણાવ્યું, ભારત અને બ્રાઝિલ વચ્ચે સૌહાર્દપૂર્ણ, ઘનિષ્ઠ અને બહુપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારી છે, જે સહિયારા લોકશાહી મૂલ્ય, લોકોથી લોકોના ગાઢ સંબંધ અને મુખ્ય ક્ષેત્રોમાં વધતા સહયોગ પર આધારિત છે.

. . . . . . . . . . . . . . . . .

BRAZIL PREZ WELCOME

બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વાનું આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું.

ભારત અને બ્રાઝિલ વચ્ચે સૌહાર્દપૂર્ણ, ગાઢ અને બહુપક્ષીય વ્યૂહાત્મક ભાગીદારી છે, જે સહિયારા લોકશાહી મૂલ્યો અને મુખ્ય ક્ષેત્રોમાં વધતા સહકાર પર આધારિત છે. ભારત અને બ્રાઝિલ 2006 થી વ્યૂહાત્મક ભાગીદાર છે. અમારા સંવાદદાતાનો એક અહેવાલ....

. . . . . . . . . . . . . . . . .

BRAZIL PREZ-JAISHANKAR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાસિયો લુલા દા સિલ્વા સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી જયશંકરે બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારવા માટે શ્રી સિલ્વાની શુભેચ્છાઓ અને માર્ગદર્શન બદલ

પ્રશંસા વ્યક્ત કરી. વિદેશ મંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે શ્રી સિલ્વાની મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ગતિ આપશે.

. . . . . . . . . . . . . . . . .

PM – YAMUNA EXPRESSWAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ઉત્તરપ્રદેશમાં યમુના એક્સપ્રેસવે ઔદ્યોગિક વિકાસ સત્તામંડળમાં HCL-ફોક્સકોન સંયુક્ત સાહસ પ્રોજેક્ટના શિલાન્યાસ સમારોહમાં ભાગ લેશે. અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ....

. . . . . . . . . . . . . . . . .

AMIT SHAH ASSAM

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, રાષ્ટ્ર-એ આગામી 31 માર્ચ સુધીમાં દેશમાંથી નક્સલવાદનો નાશ કરવાનો સંકલ્પ કર્યો છે. આસામના ગુવાહાટીમાં કેન્દ્રીય અનામત પોલીસ દળ – CRPFના 87મા સ્થાપના દિવસની પરેડ દરમિયાન સંબોધતા શ્રી શાહે કહ્યું, CRPFએ રાષ્ટ્ર માટે અપ્રતિમ સેવા આપી છે. તેમણે કહ્યું કે, CRPF જવાનો અને કોબ્રા બટાલિયન દેશને નક્સલમુક્ત બનાવવામાં અભૂતપૂર્વ કાર્ય કરી રહ્યા છે. CRPF-એ ઉત્તર-પૂર્વ ક્ષેત્ર, જમ્મુ-કશ્મીર અને માઓવાદી અસરગ્રસ્ત વિસ્તારમાં શાંતિ પુનઃસ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હોવાનું પણ શ્રી શાહે ઉમેર્યું.

તેમણે કહ્યું કે, CRPF વગર દેશ તેની આંતરિક સુરક્ષાની કલ્પના પણ કરી શકતો નથી. તેમણે રાષ્ટ્રની રક્ષા કરતી વખતે જીવનું બલિદાન આપનારા CRPF જવાનોને શ્રદ્ધાંજલિ આપી.

હવે બપોરે, શ્રી શાહ ગુવાહાટીના નજીકના વિસ્તાર કચુટોલી ખાતે 10-મી આસામ પોલીસ બટાલિયનના નવા પરિસરનું ખાતમુહૂર્ત કરશે. આ બટાલિયન હાલમાં ગુવાહાટીથી કાર્યરત્ છે અને બાંધકામ પૂર્ણ થયા પછી તેને નવા વિકસિત પરિસરમાં સ્થળાંતરિત કરાશે.

. . . . . . . . . . . . . . . . .

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

. . . . . . . . . . . . .

PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 131મી કડી હશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . . . . . .

J&K ARMY- RECOVERED

જમ્મુ અને કાશ્મીરમાં સેનાએ આજે રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા પાસે સુંદરબની વિસ્તારમાં એક શોધ અભિયાન - જ્વાલા દરમિયાન યુદ્ધમાં ઉપયોગી સામગ્રી જપ્ત કરી છે.

સેનાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે નિયંત્રણ રેખા પાસે સુંદરબની સેક્ટરના નથુઆ ટિબ્બા વિસ્તારમાં 19 તારીખે ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો. આ કામગીરી દરમિયાન, એક AK રાઇફલ, 2 મેગેઝિન અને દારૂગોળો, 3 રકસેક્સ, ધાબળા, રાશન અને કપડાં સહિત યુદ્ધ સામગ્રી જપ્ત કરવામાં આવી હતી. આ શોધ અભિયાન હજુ ચાલુ છે.

. . . . . . . . . . . . . . . . .

WOMEN'S - CRICKET

મહિલા ક્રિકેટમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની T20 શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ આજે ઓસ્ટ્રેલિયાના એડિલેડ ઓવલ ખાતે રમાશે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે પોણા બે વાગ્યે શરૂ થશે. કેનબેરામાં રમાયેલી બીજી મેચમાં યજમાન ઓસ્ટ્રેલિયાએ ભારતને 19 રને હરાવ્યા બાદ શ્રેણી 1-1થી બરાબર છે. અગાઉ, સિડનીમાં રમાયેલી પહેલી મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને નવ વિકેટથી હરાવ્યું હતું.

. . . . . . . . . . . . . . . . .

VAISHNAW-AI SUMMIT

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રીએ જણાવ્યું છે કે ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં અનેક ટેકનોલોજીકલ ઉકેલો રજૂ કરવામાં આવ્યા હતા.

આજે સવારે સમિટની મુલાકાત લેતા, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે યુવાનો એઆઈ સમિટ પ્રત્યે ખૂબ જ ઉત્સાહિત છે. તેમણે ગઈકાલે સમિટ સ્થળ પર આયોજિત પ્રદર્શનમાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા થયેલા વિક્ષેપને "ખૂબ જ શરમજનક" ગણાવ્યો હતો. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીના રાજકીય ધોરણો નીચે પડી ગયા છે. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી યુવા વિરોધી છે અને નવાચાર ઇચ્છતી નથી.

. . . . . . . . . . . . . . . . .

INDIA-UN THIRD CATEGORY

ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સુધારાની માંગણી વધુ પ્રબળ બનાવી છે.સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના નાયબ કાયમી પ્રતિનિધિ, યોજના પટેલે જણાવ્યું હતું કે સુરક્ષા પરિષદ શાંતિ અને સુરક્ષા સંબંધિત તેની મુખ્ય જવાબદારીઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યા છે. તેમણે ભાર મૂક્યો હતો કે સુધારાઓમાં કાયમી સભ્યપદનું વિસ્તરણ શામેલ હોવું જોઈએ. સુશ્રી પટેલે સૂચના આપી હતી કે તેના વિના પ્રક્રિયા અધૂરી રહેશે.

તેમણે કહ્યું કે ત્રીજી શ્રેણી પર વિચાર કરવો એ પ્રક્રિયાને વધુ વિલંબિત કરવા અને સુધારા તરફના માર્ગને સંપૂર્ણપણે પાટા પરથી ઉતારવાનો છે. તેમણે ભાર મૂક્યો હતો કે સુરક્ષા પરિષદના કોઈપણ પુનર્ગઠનથી હાલના અસંતુલનને દૂર કરવા જોઈએ.

. . . . . . . . . . . . . . . . .

CJI- CYBER SECURITY

સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સૂર્યકાન્તે જણાવ્યું હતું કે લાંબા ગાળાની સાયબર સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નાગરિક શિક્ષણ આવશ્યક છે. તેઓ ગઈકાલે જયપુરમાં રાજસ્થાન આંતરરાષ્ટ્રીય કેન્દ્ર ખાતે આયોજિત ત્રણ દિવસીય રાષ્ટ્રીય પરિષદ "સાયબર સુરક્ષા - જાગૃતિ, રક્ષણ અને ન્યાયમાં સમાવિષ્ટ પ્રવેશ" ના ઉદ્ઘાટન સત્રમાં સંબોધન કરી રહ્યા હતા.

ન્યાયાધીશ સૂર્યકાન્તે જણાવ્યું કે સાયબર સુરક્ષા એક સામૂહિક પ્રતિબદ્ધતા છે સરકાર, ન્યાયતંત્ર અને સમાજે તેના માટે સાથે મળીને કામ કરવું જોઈએ. તેમણે નોંધ્યું હતું કે ડિજિટલ ક્રાંતિએ પુષ્કળ તકો પૂરી પાડી છે, પરંતુ તેનો દુરુપયોગ એક મહત્વપૂર્ણ પડકાર છે. તેમણે જણાવ્યું હતું કે સાયબર સુરક્ષા ફક્ત બેંક ખાતાઓનું રક્ષણ કરવા સુધી મર્યાદિત નથી, પરંતુ તેમાં સંસ્થાકીય વિશ્વાસનું રક્ષણ પણ શામેલ છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ જણાવ્યું હતું કે ડિજિટલ યુગમાં ટેકનોલોજીના વિસ્તરણ સાથે, સાયબર ગુનાના નવા પડકારો પણ ઉભરી આવ્યા છે. આને રોકવાનો સૌથી અસરકારક રસ્તો જનજાગૃતિ છે. તેમણે જાહેરાત કરી હતી કે સાયબર ગુના પર કડક નિયંત્રણ સુનિશ્ચિત કરવા માટે રાજ્યમાં ખાસ સાયબર અદાલતની સ્થાપના કરવામાં આવશે.

આ કાર્યક્રમ દરમિયાન રાજસ્થાન રાજ્ય કાનૂની સેવા સત્તામંડળે "ઈ-સમાધાન", એક ઓનલાઈન મધ્યસ્થી અને લોક અદાલત પ્લેટફોર્મ શરૂ કર્યું

. . . . . . . . . . . . . . . . .